# અર્વાચીન ગરબામાં નિયતી સાંસ્કૃતિક પરિવાર અમદાવાદ શહેર પ્રથમ

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદ જી.એમ.ડી.સી ખાતે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત પ્રવાસન અને નવરાત્રી ફેસ્ટીવલ સોસાયટીનાં સહયોગથી વાઈબ્રન્ટ નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાનું તા. ૧ થી ૯ ઓકટોબર ૨૦૧૬ દરમિયાન આયોજન કરવામાં આવ્યુ હતું.

વિજેતા કલાવૃંદોનું સન્માન કરતા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, રાજયમાં નવરાત્રી ઉત્સવથી આર્થિક સામાજિક અને સાંસ્કૃતિક ચેતના ઉજાગર થઈ છે.

વિજેતા કલાવૃંદોમાં પ્રાચીન વિભાગમાં કામદાર કલ્યાણ કેન્દ્ર ક.પરા. ભાવનગર શહેર પ્રથમ ક્રમે, અસ્થાન કન્યા વિદ્યાલય બારડોલી સુરત ગ્રામ્ય દ્વિતિય ક્રમે અને દ્વારકેશ ગોપાલક ગરબા મંડળ પાટણ જિ. પાટણ તૃતિય ક્રમે બનેલ છે.

અર્વાચીન ગરબામાં નિયતી સાંસ્કૃતિક પરિવાર-અમદાવાદ શહેર પ્રથમ ક્રમે, વૈરાગી ચેરિટેબલ ટ્રસ્ટ-વડોદરા શહેર દ્વિતિય ક્રમે અને શાંતાબેન હરીભાઈ ગજેરા તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. જ્યારે રાસ ગરબા સ્પર્ધામાં બજરંગ કલાગૃપ-ભાવનગર પ્રથમ, શકિતપરા માલધારી રાસ મંડળ-સુરેન્દ્રનગર દ્વિતિય ક્રમે અને રાજપુત રાસ મંડળ-બાંટવા જિ. જુનાગઢ (ગ્રામ્ય) તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા.

વિજેતા કલાવૃંદોને પ્રથમ ક્રમે રૂ.૫૧,૦૦૦/-, દ્વિતિય ક્રમે રૂ.૪૧,૦૦૦/- અને તૃતિય ક્રમે રૂ.૩૧,૦૦૦/-નો રોકડ પારિતોષિત, પ્રમાણપત્ર તથા સ્મૃતિ ચિન્હ એનાયત કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સચિવ વી.પી.પટેલ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનર એમ.વાય. દક્ષિણીએ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સંપન્ન કર્યુ હતું.





## એનઆઈડી ખાતે ''ધ આફ્રિકન પોર્ટ્રેટ્સ'' ફોટોગ્રાફી પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારમાં આવેલ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન ખાતે બેંગલોરના જાણીતા ફોટોગ્રાફર મહેશ શાંતારામ દ્વારા ''ધ આફ્રિકન પોર્ટ્રેટસ'' વિષયે લેવામાં આવેલ તસવીરોના પ્રદર્શનનો આજથી પ્રારંભ થયો છે. આ પ્રદર્શન એનઆઈડીના પીજી કેમ્પસની ડિઝાઈન ગેલેરી ખાતે તા. ૨૪મી ઓકટોબર સુધી દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમ્યાન ખુલ્લુ રહેશે. આ પ્રદર્શન ફોટોગ્રાફીના શોખીનો તથા વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી નિવડે તેવું છે. મહેશ શાંતારામ એક સ્વતંત્ર ફોટોગ્રાફર છે અને તેઓ ડોક્યુમેન્ટરી ફોટોગ્રાફી માટે ખૂબ જ પ્રખ્યાત છે. તેઓ સામાજિક વિષમતા અને સંસ્થાકીય બાબતોમાં ભારે રસ ધરાવે છે. આ પ્રદર્શનમાં ભારતમાં વસતા વિવિધ આફ્રિકન દેશોના નાગરિકો અંગે રિસર્ચ કરી તેમની દુર્લભ તસવીરો સાથે તેમની રહેણીકરણી, ઉદ્દેશ અને જીવનને લગતી બાબતોની માહિતી પણ પ્રદર્શિત કરાઈ છે.



સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કેન્દ્રીય રેલવે સમિતિના સભ્યો ઈરફાન અહેમદ, અશોક ત્રિપાઠી અને પઠાણ મહંમદ ઈસ્માઈલ (પ્રદેશ કારોબારી સભ્ય લઘુમતિ મોરચો) તેમજ સમગ્ર ટીમ દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશનના તમામ પ્લેટફોર્મનું નિરીક્ષણ કરીને સફાઈ માટે રેલવેના અધિકારીઓને જરૂરી સૂચનો અને દિશા-નિર્દેશ આપવામાં આવ્યા હતા. અને મુસાફરો પાસેથી રેલવે મુસાફરી દરમ્યાન પડતી હાલાકી અને સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. જ્યારે મુસાફરોને સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવશે તેવી હૈયાધારણા આપવામાં આવી હતી.

## કારકિર્દી સપ્તાહની ઉજવણીની સ્પર્ધાઓમાં જે.એમ. ચૌધરી વિદ્યાલય વિજેતા બની

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શ્રી જે.એમ.ચૌધરી શાળાની વિદ્યાર્થીની ઋતુ એમ. ચૌધરીએ નિબંધ સ્પર્ધામાં અને પનારા રાજર્ષીએ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. 'પર્યાવરણ જતન' વિષે નિબંધ સ્પર્ધા અને 'સ્વચ્છ ભારત' વિષે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

જિલ્લા કક્ષાની નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા ચંદ્રાલા ખાતે ઉમા સંસ્કાર તીર્થ ખાતે યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય શાળાની વિદ્યાર્થીની પનારા રાજર્ષી બી.એ દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો હતો.

## ધાનેરામાં માનવ સેવાસંગઠન દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ

ધાનેરામાં માનવ સેવા સંગઠન દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યુ હતુ. ધાનેરામાં આવેલા લાલચોક ખાતે ધાનેરા માનવ સેવા સંગઠન દ્વારા ઉરી હૂમલામાં શહિદ થયેલા શહિદવીરોને શ્રદ્ધાંજલિ આપી એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી વીર શહીદોને સાચી શ્રદ્ધાંજલિ આપી હતી. આ કાર્યક્રમમાં ધાનેરા ધારાસભ્ય સહીત ખુબ મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




## મધ્યાહન ભોજન સંચાલકો દ્વારા મહેસાણામાં આમરણાંત ઉપવાસ

મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો સ્વૈચ્છિક સંસ્થાઓને સુપરત કરવાની હિલચાલના વિરોધમાં મધ્યાહન ભોજન સંચાલકોની લડત સમિતિ દ્વારા આજે મહેસાણા ખાતે ફુવારા વિસ્તારમાં કેટલાક આંદોલનકારીઓએ આમરણાંત ઉપવાસ શરુ કર્યા છે. આ ઉપવાસ આંદોલનમાં મધ્યાહન ભોજન યોજના સાથે સંકળાયેલ કર્મચારીઓ તેમજ ફિકસ પગાર, આંગણવાડી જેવા સરકારી વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકીના કેટલાક પોતાના શોષણ અને હકક મામલે આમરણાંત ઉપવાસ પર ઉતરતા માહોલ ગરમાયો છે. કહે છે કે સ્થાનિક વહવટી તંત્રની મંજૂરી વગર કર્મચારીઓએ આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરતા આ મુદ્દે ચર્ચા જાગી છે. લગભગ ૨૫ જેટલા કર્મચારીએ અનશન શરુ કર્યા છે.

# ધાનેરાના લવારા ગામ પાસે જીપ અને કાર વચ્ચે અકસ્માત

ધાનેરા, તા.૧૩

ધાનેરાના લવારા ગામ પાસે જીપ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા ૩ લોકોને ગંભીર ઈજા થવા પામી હતી લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરા ખસેડયા હતા.




ધાનેરાના લવારા-કુંવારલ ત્રણ રસ્તા પાસે વિસ્ટા કાર અને ડીઆઈ જીપ વચ્ચે અકસ્માત સર્જાતા ગાડીમાં બેઠેલા ઈલ્યાસખાન સતારખાં મુસલમાન ઉ.વ. ૨૧ સદામખાન શેરખાન મુસલમાન ઉ.વ. ૨૨ અને જાવેદખાન ગુલામખાન મુસલમાન ઉ.વ. ૨૨ તમામ રહે સાંચોર રાજસ્થાન વાળાને આ ગંભીર ઈજા થવા પામી હતી અને ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ કરાતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈએમટી ભરતભાઈ ચૌધરી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડયા હતા જયાં ફરજ પરના તબીબ દ્વારા પ્રાથમિક સારવાર આપી હતી અને હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યા હતા.



ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામે તોત્રીમાતાના મંદિરમાં માતાજી પ્રત્યે આસ્થા-શ્રદ્ધાના દીવાઓથી માઈભક્તો અનેરા ઉત્સવને મનાવવા તત્પર બન્યા હતા. નવરાત્રી મહોત્સવની રંગેચંગે ઉજવણી માટે તોત્રી યુવક મંડળ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગામનો માતાજીનો ચોક ઝાકમઝોળ દીવાઓના અજવાળે જ્યોતિરૂપે માતાજીના ગરબાનું પ્રસ્થાપિત થતાં માઈભક્તો ગરબે ઘુમ્યા હતા. અંતિમ દશમા દિવસે મહિલાઓ, આબાલવૃદ્ધો, ખેલૈયાઓ શ્રદ્ધાપૂર્વક ગરબે ઘુમ્યા હતા. દેશ-વિદેશમાં વસતા માઈભક્તો દ્વારા હરહંમેશ માતાજીની આરતી અને પ્રસાદનો લ્હાવો લેવા દિલથી ઉત્સુક બન્યા હતા. દૂર વસતા માઈભક્તો માટે જીવંત પ્રસારણથી માતાજી પ્રત્યે શ્રદ્ધા અકબંધ રહી છે આમ દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

## ધાનેરામાં ગાય ખાડામાં પડી જતા ગાયનું મોત

ધાનેરા, તા. ૧૩

ધાનેરા બીએસએનએલ કંપની દ્વારા જમીનમાં લાઈન નાંખવાનું કામ ચાલુ છે અને લાઈન નાખવા માટે ધાનેરા શહેરમાં ઠેર ઠેર ઊંડા ખાડા ખોદવામાં આવ્યા છે. ત્યારે આ ખોદેલા ખાડામાં મોડી રાત્રે ગાય પડી જતા લોકોના ટોળેટોળા



ઉમટ્યા હતા અને લોકો દ્વારા ગાયને બચાવવા માટેની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી પરંતુ ખાડો ઊંડો હોવાથી ગાય મોતને ભેટી હતી.

ધાનેરામાં છેલ્લા ઘણા સમયથી ગંભીર બેદરકારીના કારણે અબોલ પશુ મોતને ભેટી રહ્યા છે. ત્યારે ધાનેરાનું સ્થાનિક તંત્ર ચુપચાપ તમાશો જોયા કરે છે. હજુ સુધી કોઈની સામે કેસ કાર્યવાહી ન કરતા લોકોમાં પણ ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. પહેલા જ્યારે ધાનેરામાં ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યુ હતુ તે સમયે પણ ખોદેલા ખાડા અબોલ પશુ પડી મોતને ભેટ્યા હતા. તે બાદ ધાનેરામાં રહેલી ખુલ્લી ગટરોમાં પણ અબોલ પશુ પડી મોતને ભેટ્યા હતા. તે બાદ ધાનેરામાં રહેલી ખુલ્લી ગટરોમાં પણ અબોલ પશુ પડી મોતને ભેટ્યા હતા તે બાદ કોઈ નરાધમ દ્વારા ધાનેરા ૨૦થી પણ વધુ અબોલ પશુ પર એસિડ નાખતા પશુ પીડાઈ રહ્યા હતા અને આજે બીએસએનએલ કંપનીએ ખોદેલા ખાડામાં પણ ગાય પડી જતા મોતને ભેટી છે. હવે જોવાનું એ રહ્યું કે પશુ પર થયેલા એટલા અત્યાચાર બાદ પણ ધાનેરાનું સ્થાનિક તંત્ર જાગે છે કે પછી ચુપચાપ તમાશો જોયા કરે છે તે તો સમય જ બતાવશે.



## મેઘરજમાં દશેરા નિમિત્તે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા રાજપુત સમાજ યુનિટી દ્વારા વિજયા દશમીના દિવસે વાસણા જલારામ મંદિરના હોલમાં રાજપૂત સમાજ દ્વારા શસ્ત્રપૂજન વિધિ કરવામાં આવી હતી. વિધિ પુરી કરી કાર તેમજ બાઈક રેલી સ્વરૂપે ડીજે સાઉન્ડ સાથે ગેલિમાતાના મંદિર સુધી નીકળી હતી. તે દરમ્યાન આ નીકળેલી રેલીને આવકારીને ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં દર વર્ષની જેમ આ રાજપૂત સમાજ રેલીનું મેઘરજ મુસ્લિમ સમાજે ફૂલહારથી સ્વાગત કરી ફાફડા-જલેબી અને ચા-નાસ્તો કરાવ્યો હતો. ત્યારે કોમી એકતાના અનેરા દર્શન જોવા મળ્યા હતા.

### પક્ષાંતર ધારા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મહાનગરપાલિકાના બીજા મેયર પદે બિરાજમાન પ્રવિણ પટેલ પક્ષાંતર ધારાના કેસનો સામનો કરી રહયા છે. અગાઉ પણ કોંગ્રેસે પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સામે પક્ષાંતર ધારાની ફરિયાદ કરી હતી. પરંતુ પક્ષાંતર પુરવાર કરવામાં સફળતા મળી ન હતી. જયારે સતત બીજા મેયર પણ પક્ષાંતર ધારાના વિવાદમાં સપડતા રાજકીય રીતે પણ પક્ષાંતર ધારાનો કેસ હાઈપ્રોફાઈલ બની ગયો છે. મેયરના જવાબ પર દારોમદાર હોવાનુ પણ ચર્ચાસ્થાને છે. ત્યારે આજે પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ અન્વયે નામનિર્દિષ્ઠ અધિકારીની કોર્ટમાં મુદત મુજબ મેયરે જવાબ રજુ કરવાનો હતો. પરંતુ મેયર પ્રવિણ પટેલ દ્વારા જવાબ રજુ ન થતા આ કેસમાં તા ૨૦ ઓકટોબરની મુદત પડી છે. મેયર તરફથી જવાબ રજુ થયો નથી જેથી હવે નિયત મુદત સમયે કેસ સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરાશે.

### જીભને અડાડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમે આ ક્રાંતિ કરી અને હાલ નિકુલ સ્પીચ થેરાપીસ્ટ પાસે તાલિમ હેઠળ છે. વસુબેને ઉપાડેલા પડકાર અને ટીમના પરિશ્રમથી ગરીબ પરિવારનું બાળક ૧૪ વર્ષની વયે બોલતુ થયુ. હાલ તે સ્પષ્ટ ઉચ્ચારનો આગ્રહી બન્યો છે. વસુબેને જણાવ્યુ હતુ કે નિકુલને દોડવાનું ખુબ પસંદ છે તે સારો દોડવીર છે તેનો શોખ વિકસાવવામાં આવશે. આ ઉપરાંત બાળકને શિક્ષણના ઉપચારાત્મક વર્ગમાં અભ્યાસ કરાવી શિક્ષણના પ્રવાહ સાથે સાંકળવાનો આગ્રહ છે. તેના માતા-પિતા અભ્યાસ વિહોણા અને મહેનતુ પરિવાર છે. સામાન્ય નોકરી દ્વારા પેટીયુ રળતુ આ પરિવાર શિક્ષણના જલતા આ દિપકમાં તેલ બનીને વધુ પ્રજવલિત બનાવવા તૈયાર છે.

બી.આર.સી. રાજુભાઈ અને જિલ્લા કોર્ડીનેટર પ્રતિમાબેને જણાવ્યુ હતું કે ૬૧૦ જેટલા બાળકો ગાંધીનગર તાલુકામાં વિવિધ વિકલાંગતા ધરાવે છે. માનસિક રીતે નબળાઈ ધરાવતા બાળકોની સંખ્યા મોટી છે પણ અમારી ટીમ મહેનત કરી આ બાળકને શિક્ષણના મુખ્યપ્રવાહ સાથે સંકલિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

વસુબેને જણાવ્યુ કે નિકુલનું ઓપરેશન રિસ્કી હતુ પરંતુ માતા-પિતાને અમારી ટીમે હૂંફ આપી અને તે આજે સફળતાની સીડી પર આવી પહોંચ્યો છે. સારૂ કર્યાનું સંતોષ મને અને અમારી ટીમને છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. રાઠોડે અમને સતત હૂંફ આપી છે એટલુ જ નહિ પણ આ પડકારને પહોંચવા પ્રેરણારૂપ માર્ગદર્શન આપ્યુ છે. સર્વ શિક્ષા ભિયાનના જિજ્ઞેશભાઈ, સંજયભાઈ સૌએ સાચા અર્થમાં સહકાર આપ્યો છે. દિવ્યાંગ બાળકોના સંકલિત શિક્ષણ માટે નવા સાધનો, નવી કીટ અને અદ્યતન સુવિધાઓ તેમને પુરી પાડી છે. વસુબેન અને પ્રતિમાબેન જાદવે કહ્યુ કે અમારો મંત્ર છે કે ''આઓ હમસબ મિલકર દીપ જલાએ જહાં આ જ ભી અંધેરા હૈ''

### શિયાળુ સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાઈ રહી છે. સામાન્ય રીતે નવેમ્બરના ત્રીજા અથવા ચોથા સપ્તાહમાં શિયાળુ સત્ર યોજવાની પરંપરા રહી છે પરંતુ સરકાર તમામ સત્રને વહેલીતકે યોજવાની ગણતરી કરે છે. બજેટ સત્ર દરમિયાન બજેટને પણ ફેબ્રુઆરીના અંતમાં રજુ કરવાના બદલે હવે જાન્યુઆરી મહિનામાં જ રજુ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બજેટસત્રને લઈને છેલ્લા ઘણા સમયથી નિષ્ણાતો વચ્ચે વાતચીતનો દોર ચાલી રહ્યો હતો. કેબિનેટ અંગેની સમિતિ દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યા બાદ રાજકીય પક્ષોમાં આની ચર્ચા જોવા મળી રહી છે.

### રખડતાં ઢોર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ નિયત કરવામાં આવી હતી. શહેરમાં રખડતા ઢોરની સમસ્યાને ડામવા માટે ઢોર ડબ્બો બનાવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જે અન્વયે સે-૩૦ અંતિમધામ પાસે હંગામી ઢોર ડબ્બો કાર્યરત કરવાનો પણ નિર્ણય લેવાયો છે. આગામી તા ૧૬ ઓકટોબરથી શહેરમાં રખડતા ઢોર પકડી ઢોર ડબ્બામાં પુરવામાં આવશે. જયારે રખડતા ઢોર સંદર્ભે ઢોર માલિકો પાસેથી જુદા જુદા ઢોરને અનુલક્ષી દંડની રકમ પણ નિયત કરવામાં આવી છે. દંડની સાથે વહીવટી ચાર્જ પણ વસુલવા માટે નિર્ણય લેવાયો છે. શહેરમાં રખડતા ઢોરની જટીલ સમસ્યાના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. રખડતા ઢોરના લીધે અનેકવાર અકસ્માતો સર્જાતા નાગરિકો માટે જોખમી પુરવાર થયા છે. શહેરમાં માર્ગ વચાળે અડીંગો જમાવી બેસતા ઢોરના લીધે પૈડા પરની જિન્દગી જોખમી થવાની સાથે ગંદકીની સમસ્યા પણ હઠીલી બની છે. ત્યારે રખડતા ઢોર પણ અનેકવાર અકસ્માતમાં ઘવાતા હોવાનો કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં પાટનગર પાંજરાપોળ બન્યુ હોવાનો આક્રોશ પણ આમ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. ત્યારે રખડતા ઢોરની સમસ્યામાંથી નગરને ઉગારવા માટે દેર આયે દુરસ્ત આયે..ની જેમ કોર્પોરેશન દ્વારા હવે અસરકારક પગલા લેવાની દીશામાં માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે.

### એમઆઈજી મકાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાની ડ્રો ની કાર્યવાહીમાં વિલંબ થતા અરજદારોની મીટ મકાનોની ફાળવણીની કાર્યવાહી હાથ ધરાય તે તરફ મંડરાઈ હતી. ગુડા દ્વારા કુડાસણમાં એમ આઈ જી પ્રકારના ૪૮૦ આવાસો બાંધવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. ૧૦ માળના આર સી સી ફ્રેમ સ્ટ્રકચરના ૬ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. ૫૮ .૮૧ ચો મીના કાર્પેટ એરિયામાં ડ્રોઈંગ રૂમ,બે બેડ રૂમ,ડાઈનીંગ રૂમ માસ્ટર બેડ રૂમ,રસોડુ ટોઈલેટ તેમજ બાલ્કનીની સુવિધા કરવામાં આવશે. પ્રત્યેક યુનિટની કીંમત રૂ ૧૭ લાખ નિયત કરવામાં આવી છે. ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી શરૂ કરી દેવાશે. આવાસ યોજનાને અનુલક્ષી લીફ્ટ તેમજ વરસાદી પાણીથી ભુગર્ભ જળની વ્યવસ્થા, કાર પાર્કીંગની વ્યવસ્થા, બારી દરવાજા માર્બલ ફ્રેમમાં ફલશ ડોર સાથે કન્સીલ્ડ વાયરીંગ,ધાબા પર ચાઈના મોજેક લગાવાશે.ગુડાની આ આવાસ યોજનામાં તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરાશે. લાભાર્થીઓને સરળતાથી લોન ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. એમ આઈ જી આવાસ યોજના અન્વયે ગુડાના તંત્ર દ્વારા ૧૮૦૦ અરજદારોની અરજી માન્ય કરવામાં આવી છે. આગામી તા ૧૭ ઓકટોબરના રોજ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે ડ્રો કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રી શંકર ચૌધરી, શહેરી ગૃહ નિર્માણ મંત્રી વલ્લભભાઈ વઘાસીયા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ધારાસભ્ય અશોક પટેલ, મેયર પ્રવિણ પટેલ સહીતના આગેવાનો હાજરી આપશે.

### વિશ્વયુદ્ધના ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્લાદીમીર પુટિને પોતાના ફ્રાંસના પ્રવાસને રદ કરીને ખતરનાક સંકેત આપ્યા છે. હકીકતમાં ફ્રાંસીસી પ્રમુખ ઓલાન્દેએ રશિયા ઉપર સિરિયાના યુદ્ધ અપરાધોમાં સામેલ હોવાનો આક્ષેપ કર્યો છે. આ અગાઉ રશિયાના પ્રમુખ પોતાના દેશના તમામ મોટાભાગના સ્થળ, અધિકારીઓ અને તેમના પરિવાર માટે ચેતવણી જારી કરી ચુક્યા છે. પુટિને કહ્યું છે કે વિદેશમાં રહેતા લોકો પોતાના બાળકો સાથે પરત ફરે તે જરૂરી છે. સ્થાનિક અને વૈશ્વિક મીડિયા આ આદેશને ત્રીજા વિશ્વ યુદ્ધની શંકા હેઠળ જુએ છે. રશિયા દ્વારા હાલમાં જે રીતે લશ્કરી તૈયારી કરવામાં આવી રહી છે તે ખતરનાક સંકેત આપે છે. રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન આક્રમક નિર્ણયો કરી રહ્યા છે.

### શેરબજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૯૫૦ શેરમાં તેજી રહી હતી. માઈક્રો ઈકોનોમિક મોરચે ફુગાવાના આંકડા સપ્ટેમ્બર મહિના માટે ગુરૂવારના દિવસે જારી કરવામાં આવનાર છે. જ્યારે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ માટેના આંકડા શુક્રવારના દિવસે જારી કરવામાં આવનાર છે. તેની સીધી અસર પણ બજાર રહે તેવી શક્યતા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વીટીમાં સોમવારના દિવસે ૫૪૭ કરોડની કિંમતના શેરની ખરીદી કરવામાં આવી હતી. મંગળવાર અને બુધવારના દિવસે શેરબજારમાં રજા રહી હતી. જ્યારે સોમવારના દિવસે શેરબજારમાં અફડાતફડી રહી હતી. શેરબજારમાં સોમવારે ફ્લેટ સ્થિતિ રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૧ પોઈન્ટ સુધરીને ૨૮૦૮૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૧ પોઈન્ટ ઉછળીને ૮૭૦૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે શુક્રવારે સેંસેક્સ ૪૫ પોઈન્ટ ઘટીને ૨૮૦૬૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૨ પોઈન્ટ ઘટીને ૮૬૯૮ની સલપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રીડ્થ તટસ્થ રહી હતી. ૧૩૮૬ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૩૮૮ શેરમાં મંદી રહી હતી.